Extra No. 113

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, APRIL 24, 2026 / VAISAKHA 04, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) અન્વયેનો હુકમ

ન.પીઓએલ/૨/જાહેર નામા/એસ.આર./૫૦/૨૦૨૬- આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી-૨૦૨૬ દરમ્યાન આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) (છ) મુજબનો હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (છ) થી મને મળેલ અધિકારની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં આ હુકમની તા.૩૦/૦૩/૨૦૨૬ થી તા. ૧૩/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) જે છટદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા અધિકૃત કરાયેલ અધિકારી તથા સંબંધિત મતદાર વિભાગના નિવાર્ચન અધિકારી અથવા તેના ધ્વારા અધિકૃત કરાયેલ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા રાજ્ય ની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા કરવાની અને તે ચિત્રો, તે નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાના કૃત્યો.

આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારે માટે લાગુ પડે છે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર વ્યકિત ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૨૭/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ નાં ૨૨ માની કલમ-૩૩(૧)(થ) અન્વયેનો હુકમ

ન.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૭૫/૨૦૨૬ - આણંદ જાહેવામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર હોઈ આણંદ જિલ્લામાં વિધાનસભાની પેટા ચૂંટણી દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર ધ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩(૧)(થ) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે. જે અન્વયે અત્રેથી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થતી હોય, જેની મુદત આગામી તા. ૨૮/૦૪/૨૦૨૬ સુધી આ જાહેરનામાથી લંબાવવામાં આવે છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, "જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં આ હુકમની તા.૧૪/૦૪/૨૦૨૬ થી તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :-

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં. તેમજ જાહેર સભાઓમાં સ્થિત અને ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરી શકાશે નહી.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફકત સવારના ૬.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદર હું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાની રહેશે.

ઉપરોકત હુકમની ભંગ અગર ઉલ્લંધન કરનાર સખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ-૧૩૧ (બી) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારને લાગુ પડે
આજ તા.૧૩/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૭૬/૨૦૨૬ આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી-૨૦૨૬ દરમ્યાન આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) મુજબનો હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે. જે અન્વયે અત્રેથી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થતી હોય, જેની મુદત આગામી તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી આ જાહેરનામાથી લંબાવવામાં આવે છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (છ) થી મને મળેલ અધિકારની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં આ હુકમની તા.૧૪/૦૪/૨૦૨૬ થી તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું. (૧) જે છટદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારે અધિકૃત કરાયેલ અધિકારી તથા સંબંધિત મતદાર વિભાગના નિવાર્ચન અધિકારી અથવા તેના ધ્વારા અધિકૃત કરાયેલ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા રાજ્ય ની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા કરવાની અને તે ચિત્રો, તે નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાના કૃત્યો.

આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારે માટે લાગુ પડે છે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૩/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કંચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩(૧)(થ) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૭૭ /૨૬ - માન. રાજય ચુંટણી આયોગ ધ્વારા રાજયમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયત તાલુકા પંચાયતોની સામાન્ય પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણી તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીની મત ગણતરી તા. ૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે તથા ત્યારબાદ ચુંટણી પ્રક્રિયા તા. ૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પુર્ણ થશે. આણંદ જિલ્લામાં આ ચુંટણીના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચુંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને? સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરો પગલા ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩(૧)(થ) મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે: જે અન્વયે અત્રેથી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થતી હોય, જેની મુદત આગામી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી આ જાહેરનામાથી લંબાવવામાં આવે છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સિમાવિષ્ટ વિસ્તારમાં તા.૦૬/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પુર્વ પરવાનગી સિવાય. જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહી. તેમજ જાહેર સભાઓમાં સ્થિત અને ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરી શકાશે નહી.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફકત સવારના ૮.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે અને પરવાનગીની અન્ય શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) સદરહું ચુંટણીઓમાં હેતુસર લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી જિલ્લામાં સંબંધિત તાલુકામાં -મામલતદારશ્રી આપી શકશે. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ના નિયમ-૩ને અનુરૂપ આપવાની રહેશે.

(૪) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો, સદર હું કચેરીઓ,સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(૫) યોગ્ય સત્તાધિકારીશ્રીની મંજુરીથી કાઢવામાં આવેલ સરઘસ કે મંડળીના સભ્યોએ જાહેર શાંતિ જોખમાય તેવું કોઈ વર્તન કરવુ નહી, તેમજ કોઈ ધર્મ, જાતિ, સંગઠન પ્રત્યે ઘૃણા ફેલાય તેવા સુત્રો પોકરવા નહી કે ભાષણો આપવા નહી તેમજ યાતાયાત વ્યવસ્થાને કે જાહેર વ્યવસ્થાને અડચણરૂપ થાય તેવું કૃત્ય કરવું નહી.

શિક્ષા

ઉપરોકત હુકમની ભંગ અગર ઉલ્લંઘન કરનાર સખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ (બી) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર

આ હુકમ આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડે છે.

અપવાદઃ આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. ફરજ પરના ચુંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચુંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ

૨. સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતાં અધિકારીઓ અથવા તેઓને મદદ કરતી અધિકૃત એજન્સી

આજ તા. ૧૩/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩)અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/એસ.આર./૭૮ /૨૦૨૬ - માન. રાજ્ય ચુંટણી આયોગ દ્વારા રાજ્યમાં મહાનગરપલિકાકો, નગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયેઆણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે તથા ત્યારબાદ ચુંટણી પ્રક્રિયા તા. ૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પુર્ણ થશે. આણંદ જિલ્લામાં આ ચુંટણીના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચુંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, તેમજ હાલમાં દેશમાં કોરોના વાયરસ અંગે સરકારશ્રી તરફથી લોકડાઉન અંગે તમામ તકેદારીના પગલા લેવામાં આવેલ હોય તેમજ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) મુજબ નીચે આવશ્યક કાર્યવાહી કરવી વર્તમાન સંજોગોમાં ઉચિત અને વાજબી જણાય છે. જે અન્વયે અત્રેથી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત તા. ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થતી હોય, જેની મુદત આગામી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી આ જાહેરનામાથી લંબાવવામાં આવે છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબ આદેશ આપું છું કે, સમગ્ર આણંદ જિલ્લામાં તા.૧૬/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહિ, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી તેમજ પગપાળા કે વાહનમાં સવાર થઈને સરઘસ સ્વરૂપે નીકળવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : (૧) આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

(૨) યથાપ્રસંગે સંબંધિત મામલતદારશ્રીએ આ હુકમની અમલવારી દરમ્યાન તેમના કાર્યક્ષેત્રમાં અન્ય સરઘસ યોજવાની પરવાનગી આપી હોય તેવી સભા કે સરઘસ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫, માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૩/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૭/૨૦૨૬ - આણંદ જીલ્લાનાં કાર્યક્ષેત્ર છેઠળના વિસ્તારમાં આવેલ સરકારી કચેરીમાં ગેરકાયદેસર એજન્ટ તથા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા(એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે. આથી બિન-અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ અટકાવવા દરખાસ્ત કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ જીલ્લાની તમામ સરકારી કચેરી ખાતે સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાને હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ(GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જીલ્લાની હદ વિસ્તારમાં આવતી તમામ સરકારી કચેરીઓએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પાડવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તિઓએ તમામ સરકારી કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું,

આ હુકમ તા. ૧૫/૦૪/૨૦૨૬ થી તા.૧૩/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર: આણંદ જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાનો વિસ્તાર

શિક્ષા: આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વય હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છું.

મે આજરોજ તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૦ /૨૬ - માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/નગરપાલિકા/જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત) સામાન્ય ચૂંટણી/ પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ થયેલ છે. સદર ચૂંટણીઓમાં થયેલ મતદાનની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. મત ગણતરીના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મત ગણતરી કેન્દ્રોની આસપાસ કોઈ અનિચ્છનીય બનાવ ના બને અને તેના કોઈ પ્રત્યાઘાત ના પડે તેમજ ચૂંટણી શાંતિ રીતે પૂર્ણ થાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લાના તમામ મતગણતરી કેન્દ્રોના સ્થળથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યામાં તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ સ.ક.૦૦:૦૦ થી મતગણતરી પુરી થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે,

7) ચાર કે તેથી વધુ માણસોએ એક સાથે ભેગા થવા પર.

8) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકરવા પર.

9) જાહરે સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવા પર.

10) કોઈપણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈ હથિયાર સાથે રાખીને ફરવા પર.

11) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવો કોઈ પદાર્થો સાથે રાખવો પર.

12) તમામ મતગણતરી કેન્દ્રો અને તેની આસપાસના ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર, મોબાઈલ ફોન અને તેને આનુષંગિક ઈલેકટ્રોનિક્સ ગેઝેટસ/એસેસરીઝ સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર.

વિસ્તાર:- આણંદ જિલ્લાના તમામ મત ગણતરી કેન્દ્રો અને તેની આસપાસના ૨૦૦ મીટર વિસ્તાર.

અપવાદ:- આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

4) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા 'ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

5) જિલ્લા-મેજિસ્ટ્રેટશ્રી, ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ આ અર્થે ખાસ રીતે અધિકૃત કરેલ હોય તેવી બીજી વ્યકિતઓ.

6) ચૂંટણી પંચ ધ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

શિક્ષા:- આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૧/૨૬ -આણંદ જીલ્લામાં ૧૧૧ ઉમરેઠ વિધાનસભા મંતવિસ્તારની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. મત ગણતરીના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મત ગણતરી " કેન્દ્રની આસપાસ કોઈ અનિચ્છનીય બનાવ ના બને અને તેના કોઈ પ્રત્યાઘાત ના પડે તેમજ ચૂંટણી શાંતિ રીતે પૂર્ણ થાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લામાં નીચે જણાવેલ અનુસુચિ મુજબના મતગણતરી કેન્દ્રના સ્થળથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યામાં તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ સ.ક.૦૦:૦૦ થી મતગણતરી પુરી થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે,

1) ચાર કે તેથી વધુ માણસોએ એક સાથે ભેગા થવા પર.

2) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકરવા પર.

3) જાહરે સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવા પર.

4) કોઈપણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈ હથિયાર સાથે રાખીને ફરવા પર.

5) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવો કોઈ પદાર્થો સાથે રાખવો પર,

6) તમામ મતગણતરી કેન્દ્રો અને તેની આસપાસના ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર, મોબાઈલ ફોન અને તેને આનુષંગિક ઈલેકટ્રોનિક્સ ગેઝેટસ/ એસેસરીઝ સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર.

અનુસુચિ

અ.નં.	વિધાનસભા મત વિભાગનું નામ	મતગણતરીનું સ્થળ
૧	૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિભાગ	બી.જે.વી.એમ. કોલેજ, વલ્લભ વિદ્યાનગર

વિસ્તાર:- આણંદ જિલ્લામાં અનુસુચિમાં જણાવ્યા મુજબના મત ગણતરી કેન્દ્ર અને તેની આસપાસના ૨૦૦ મીટર વિસ્તાર.

અપવાદ:- આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

1) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ,

2) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ આ અર્થે ખાસ રીતે અધિકૃત કરેલ હોય તેવી બીજી વ્યકિતઓ.

3) ચૂંટણી પંચ ધ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ..

શિક્ષા:- આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

સુધારા હુકમ:-

ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./ ૮૨ /૨૦૨૬ -માન રાજ્ય ચુંટણી આયોગ દ્વારા રાજ્યમાં તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકાઓ અને નગરપાલીકાઓની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લાની જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છે) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે.ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવાના હેતુ માટે ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી) માં જોગવાઈ કરેલ છે. સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાચપ- ચટણ- સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૨)-૧૨૨૦૦૯-ક તા. ૬-૧-૨૦૧૦થી મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાક પહેલાંથી શરૂ કરી મતદાન પુર્ણ થતા સુધી તથા મતગણતરીના દિવસ માટે દારૂના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે. સબબ, મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ, જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કરવાની કે પીરસવાની મનાઈ ફરમાવવા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી) હેઠળ અત્રેના જાહેરનામા ક.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૬/૨૦૨૬, તા.૦૧/૦૪/૨૦૨૬ થી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હતુ.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી)થી મને મળેલ સત્તાની રૂઈએ, નીચે મુજબનો સુધારા હુકમ કરમાવું છું.

અત્રેના જાહેરનામા ક.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૬/૨૦૨૬, તા.૦૧/૦૪/૨૦૨૬ થી સમયગાળો (૧) તા.૨૨/૦૪/૨૦૨૬ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાકથી તા.૨૬/૦૪/૨૦૨૬ (મતદાન) ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી જણાવેલ જેના બદલે સમયગાળો (૧) તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાકથી તા.૨૬/૦૪/૨૦૨૬ (મતદાન) ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી અમલ કરવા અંગેનો સુધારા હુકમ કરવામાં આવે છે. અત્રેના જાહેરનામા ક.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૬/૨૦૨૬, તા.૦૧/૦૪/૨૦૨૬ ની અન્ય શરતો યથાવત રહેશે.

શિક્ષા: આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૬૮ તથા કલમ-૯૦ની જોગવાઈઓ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (સી) (૨) મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 15:07:14 IST